# સમઢિયાળા : દલિત મતોના ધ્રુવીકરણની તક

ઉત્તરપ્રદેશ ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ દયાશંકર સિંહે બહુજન સમાજ પાર્ટીનાં નેતા કુ. માયાવતી વિશે અભદ્ર ભાષાપ્રયોગ કરીને એમની પાર્ટીને જ મુશ્કેલીમાં મૂકી દીધી છે. અતિ ઉત્સાહમાં તેઓએ માયાવતી કરોડો રૂપિયા લઈ પાર્ટીની ટિકિટો વેચતાં હોવાનો આક્ષેપ કરતાં એમને ધંધાદારી વેશ્યા કરતાં પણ બદતર કહી પોતાના જ પગ પર કુહાડો મારી દીધો. સંસદનું સત્ર ચાલુ હોઈ માયાવતી પર કરાયેલ આ કાતિલ અને અશ્લીલ હુમલા મુદ્દે કોંગ્રેસે પણ હોબાળો કર્યો. માયાવતીએ તો એમને જે ગાળ અપાઈ હતી તે સીધી જ ભાજપના ઉત્તરપ્રદેશના ઉપાધ્યક્ષની મા-બહેનને પરત કરી! ભારતીય જનતા પાર્ટી એવી તો ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ ગઈ કે એની કેન્દ્રીય નેતાગીરીએ તાબડતોબ પ્રદેશ ઉપાધ્યક્ષ જેવો મહત્ત્વનો હોદ્દો ધરાવતા લોકપ્રિય આગેવાનને તમામ હોદ્દાઓ પરથી દૂર કરવાનો નિર્ણય લેવામાં જ શાણપણ જોયું. માયાવતી સહિત સમગ્ર વિપક્ષ દલિત મહિલા ઉપરની આવી અશ્લીલ ટીકાના મુદ્દે શેરીઓ અને રસ્તાઓ પર ઊતરે એ પહેલાં શાસક પાર્ટીએ પાણી પહેલાં પાળ બાંધી દીધી. સભાગૃહમાં જ વરિષ્ઠ કેન્દ્રીય મંત્રી અને ગૃહના નેતા અરુણ જેટલીએ 'વાણિયા મૂછ નીચી' વાળી નીતિ અનુસરી માયાવતીની માફી પણ માગી. ભારતીય જનતા પાર્ટી માટે એના પોતાના જ આગેવાનો નવી નવી મુસીબતો સરજી રહ્યા છે. એનો આ નાદર નમૂનો છે. ઉત્તરપ્રદેશમાં દલિતો બહોળી બહુમતી ધરાવે છે.

**તંત્રીસ્થાનેથી...**

બહુજન સમાજ પાર્ટીના સંસ્થાપક કાંશીરામે એને સંગઠીત કરીને એક મજબૂત પ્રાદેશિક કક્ષાની રાજકીય પાર્ટી બનાવી હતી. બહુજન સમાજ પાર્ટીના નેજા હેઠળ કાંશીરામનું સપનું તો જયારે - ત્યારે દિલ્હીની ગાદી સર કરવાનું હતું. તેઓ લાંબુ જીવી ન શક્યા, પરંતુ એમની હયાતીમાં જ માયાવતીને ઉત્તરપ્રદેશ જેવા વિશાળ રાજયમાં મુખ્યમંત્રી જરુર બનાવી શક્યા હતા. માયાવતી ચાર વખત મુખ્યમંત્રી ઉપરાંત લોકસભા અને રાજયસભાનાં સદસ્ય તરીકે ચૂંટાતાં રહ્યાં છે. એમના રાજકારણનો બેઝ દલિતો છે. દલિતોને પરિઘ પરથી હટાવી કેન્દ્ર સ્થાને સ્થાપવામાં કાંશીરામ અને માયાવતીનો સિંહ ફાળો રહ્યો છે. દલિતોના હામી ગણાતા કોંગ્રેસ પક્ષની પણ એમને બોલતી બંધ કરી દીધી છે. ઊના પાસે સમઢિયાળામાં બનેલી દલિત-અત્યાચારની ઘટના સામે સૌથી ઉગ્ર પ્રત્યાઘાત માયાવતીએ આપ્યો, તે પછી ઊંઘમાંથી સફાળા જાંગીને ગુજરાતનાં મુખ્યમંત્રી ઘટનાસ્થળે દોડી ગયા. એ જ રીતે સંસદમાં ગુજરાતના આ ધૃણાસ્પદ બનાવ વિશે ચર્ચા ચાલતી હતી ત્યારે નિરાંતે ઝોકું ખાઈ રહેલા કોંગ્રેસના યુવરાજ પણ ગુજરાતના દલિતોના હામી બનવા દોડી પડયા છે. સહિત દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા અને શરદ યાદવના જમણા હાથ ગણાતા પ્રફુલ પટેલ સહિત અનેક રાષ્ટ્રીય નેતાઓ આગામી દિવસોમાં ગીર-સોમનાથ જિલ્લાની મુલાકાતે આવશે. એમને ચાતુર્માસમાં ભગવાન સોમનાથનાં દર્શનનો પણ લહાવો મળશે. રાજકારણીઓ કોઈ પણ ધૃણાસ્પદ ઘટનાને ગીધડાંની જેમ ચૂંથવાનું ચૂકતા નથી. રોગના મૂળ સુધી જવાની કોઈની તૈયારી નથી, શાસક પક્ષ સહિત બધાંને કાં તો તાબડતોબ ડૅમેજ કંટ્રોલ કરવામાં રસ છે અથવા એનો રાજકીય લાભ ખાટી લેવો છે. માયાવતી માટે સમઢિયાળાની ઘટના એ ઉત્તરપ્રદેશની ચૂંટણીઓ ટાણે દલિત મતદારાઓનું ધ્રુવીકરણનું ઓજાર બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

# સુગર એ કેન્સરનો મિત્ર છે

**સફેદ મોત ??**

દર્શના ના લગ્ન ૧૯ વર્ષે થયેલા.૪૦ કિલો વજન, દેખાવમાં જાણે અપ્સરા,એનો પતિ મેહુલ સારો સિવિલ એન્જીનીઅર. અને બિલ્ડર. જીવન જીવવાનું બંને સાથે શરૂ કર્યું.ઢગલા બંધ સપનાઓ રચ્યા અને તેને સાકાર કરવા દોડી પડ્યા.સમય પસાર થતો રહ્યો. ઘડિયાળના કાંટા ફરતા રહ્યા.કેલેન્ડર ફરતા રહ્યા.કેટલાય શિયાળા- ઉનાળા ચોમાસાના દિવસો જોયા અને માણ્યા.કેટલી ભરતી અને ઓટ જોઈ અને માણી, આજે દર્શના ૪૦ વર્ષ ની થઇ ગઈ છે ૨ બાળકો ની માતા થઇ ગઈ છે. ખાતે પીધે ઘર સારું છે.મેહુલ મોટો બિલ્ડર થઇ ગયો.પૈસા ની કોઈ કમી નથી. પાણીની જગ્યા એ દૂધ મળે છે.સમાજ માં મેહુલ નું મોટું નામ છે.સમાજના પાંચ માણસો મેહુલની સલાહ લેવા આવે છે. બધુજ સારું હતું.તો ખોટ ક્યાં હતી? દર્શના નું વજન ૪૦ માં થી ૯૫ કિલો થઇ ગયું. માંડ માંડ ચાલી શકાતું હતું. ડાયાબીટીસ થઇ ગયો, થાઈરોઈડ થઇ ગયો, બ્લડ પ્રેસર વધી ગયું.મેહુલ વિમાન ગતિ એ આગળ પ્રગતિ કરી રહ્યો હતો જયારે દર્શના અંધકારમય જીવન તરફ આગળ વધી ગઈ હતી, જાણે કે એક અંધારી ખીણમાં નીચે પટકાઈ રહી હતી.સવાલ એ થાય કે કેમ આવું થયું? સમાજ ની દ્રષ્ટિ એ તો બધું ખુબ સરસ હતું પણ શારીરિક દ્રષ્ટી એ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ એ જોતા દર્શના ને દુખ નો પાર ન હતો.શું કારણ હતું? કારણ શુગર એટલે કે ડાયાબીટીસ. ડાયાબીટીસ ના લીધે દર્શના નું શરીર ખુબ વીક થઇ ગયું હતું પણ તેના શરીર માં ચામડીના થર હિમાલય ની જેમ વધી ગયા હતા.મોં પર સોજા હતા હાથ પગ જાડા થઇ ગયા હતા.પેટ પણ ઘણું મોટું થઇ ગયું હતું.

સામાન્ય રીતે બહેનો એ દિવસ માં ૨૫ ગ્રામ શુગર એટલેકે ૬ ચમચી આખા દિવસ માં શુગર લેવાની થાય અને દર્શના ના ઘર માં તો રોજની કેટલી સુગર જાય એ નક્કી જ ન હતું, શરીરમાં શક્તિ માટે ગ્લુકોઝ ની જરૂર હોય છે એટલે શરીર માં રહેલા અવયવો ને ગ્લુકોઝ ની જરૂર હોય છે.પણ વધારે પ્રમાણ માં જો ગ્લુકોઝ લેવામાં આવે તો એ જોખમ કારક થાય છે " too much daily sugar can weight gain" શરીર વધે અને કસરત ના હોય તો ડાયાબીટીસ તો થાય જ સાથે સાથે બીજી ઘણી બધી બીમારીઓ નો જન્મ થતો હોય છે. બિચારી દર્શના જો પહેલેથીજ સમજી વિચારીને સુગર લેવાનું રાખ્યું હોત તો કદાચ આ પરિસ્થિતિ નું નિર્માણ ન થયું હોત.

મહેશને જડબા નું કેન્સર થયું હતું. મહેશ નું વજન હતું ૯૦ કિલો છેલ્લા ઘણા સમય થી તમાકુ નું સેવન કરતો હતો.પહેલા સવાલ એ થાય કે,

કેન્સર એટલે શું?

શરીર ના કોઈ પણ ભાગ માં કેન્સર થઇ શકે એ લોહી નું હોય જડબા નું હોય,આંતરડા નું હોય, ગર્ભાશય નું હોય હોજરી નું હોય.ફેફસા નું હોય કે પછી સ્તન નું કેન્સર હોય.સામાન્ય રીતે શરીરમાં રહેલા કોષ જે એક કોષની જગ્યા પર વારાફરતી એને એ જગ્યા પર વધારે જડપી કોષ બનવા માંડે ત્યારે તે જગ્યા પર કેન્સર ના લક્ષણો જોવા મળે છે.મહેશ ને તમાકુ ખાવા ની ટેવ હતી.તમાકુ ખાવા થી મોઢામાં ચાંદા પડી જતા શરીર એ ચાંદા ને મટાડવા માટે વધારે નવા કોષ ઉત્પન કરતુ રહે છે પછી એક તબ્બકો એવો આવે કે અમુક જગ્યા ઉપર વધારે પડતા કોષ ઉગવા માંડે અથવા તો ડેવલોપ થાય અને ત્યાં ગાંઠ થઇ જાય અને એને કાપી ને બાયોપ્સી જોતા એ કેન્સરના નિદાન માં પરિણમે.છે. આપણો સવાલ એ છે કે વધારે પડતું સુગર ખાવાથી કેન્સર થાય ? જવાબ માં વધારે પડતું સુગર ખાવાથી કેન્સર તો ના થાય પણ જે ભાગ માં કેન્સર થયું હોય એ ભાગ ના કોષ ને સુગર વધુ મળવાથી એ ભાગ માં કેન્સર વધુ ઝડપી ફેલાય છે.એટલે કે સાદી ભાષા માં એવું કહેવાય કે વધુ પડતું સુગર લેવાથી થયેલું કેન્સર વેગવંતુ બને છે.જેમ આગળ કહ્યું તેમ બહેનો માં દિવસે ૨૫ ગ્રામ ગ્લુકોઝથી વધુ અને પુરુષો માં ૩૭ ગ્રામ થી વધુ ગ્લોકોઝ ના જવો જોઈએ. એટલે કે બહેનોમાં ૬ ચમચી થી વધુ અને ભાઈ ઓ માં ૯ ચમચી થી વધુ ગ્લોકોઝ ના જવો જોઈએ.એટલે કે ૧૦૦ ગ્રામ કેલેરી બહેનો માં ને ૧૫૦ ગ્રામ કેલેરીથી વધુ ભાઈઓ માં ના જવી જોઈએ, એવું american heart association કહે છે વિચાર કરો આપણે તો દિવસ માં ૮ -૧૦ ચા બે ચમચી નાખીને મજા લેતા હોઈએ છે.મતલબ કે જરૂર કરતા વધુ સુગર સીધી રીતે લઈયે છે. એ સિવાય HIDDEN સુગર તો આપણે ગણતા નથી.જેમ કે ફ્રુક્ટોઝ (natural sugar from fruits), લેક્ટોઝ (natural sugar from milk), સુક્રોઝ (made from fructoz and glucose), માલ્ટોઝ (sugar made from gain), ગ્લુકોઝ (simple sugar product of photosynthesis), દેક્સ્ટ્રોઝ (form of glucose). નેચરલ સુગર જેવી કે મોલેસીસ ગેવનેક્તર, મધ ,મેપલ સીરપ વગેરે. "વધારે પડતું સુગર લેવું તેનાથી વજન વધે અને વધારે પડતું વજન વધે કસરત બિલકુલ ના હોય અને એને હિસાબે કેન્સરનું જોખમ વધે -



**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

કેન્સર થવાના પાંચ કારણો - સુગર એ કેન્સર નો મિત્ર છે

(૧) આકર્ષણ (affinity) :

કેન્સર કોષ ને સુગર પ્રત્યે વધારે પ્રેમ હોય છે.કર્બોહાઈડ્રેડ જેમ કે સફેદ ખાંડ, સફેદ લોટ hi fructose corn serup (HFCS) અને ઠંડા પીણા આ બધી વસ્તુ વધરે જોખમ કારક છે.જેને લેવાથી કોઈપણ જાત નું કેન્સર વધુ પડતું ઝડપી ફેલાય છે.

(૨) acidity - સુગર એ વધરે પડતો એસીડીક છે જેની ph આશરે ૬.૪ જેટલી છે એસીડીક વાતાવરણ માં કેન્સર વધારે ઝડપથી ફેલાય છે

(૩)immunity (રોગ પ્રતિકારક શક્તિ) -સુગર immunity ને suppresses કરે છે એટલેકે દબાવે છે.જેમ કે સવારે ચા કોફી માં વધરે પડતું સુગર લેવાથી અથવાતો ઠંડા પીણા પીવાથી HFCS થી બનાવેલ food,સલાડના dressing અને ketchup અને વધરે પડતા પિઝા અને બર્ગર ખાવાથી immunity માં ૩૮ ટકા થી ૪૪ ટકા જેટલી immunity દબાય છે.

(૪)activity - કોઈપણ ફોર્મ માં રહેલી સુગર કન્સ્યુમ થાય છે pancreas releases insulin એ કોષના ગ્રોથ માટે શક્તિમાન છે જેનાથી insulin growth factor એક્ટીવ થાય છે જેનાથી સ્તન કેન્સર,પ્રોસ્ટેટ કેન્સર,આંતરડા નું કેન્સર અને સ્વાદુ પીંડ ના કેન્સરની શક્યતા હોય છે.એટલે વધારે પડતું સુગર લેવાથી કેન્સર થવાની શક્યતા ૨ ઘણી થઈ જાય છે

(૫)obesity (ઝાડાપણું)- વધુ પડતો ખોરાક લેવાથી શરીર માં ચરબી વધે છે અને અન્નનળી સ્વાદુ પીંડ,પીતાશય, સ્તન,અને આંતરડા નું કેન્સર થવાની શક્યતા છે AMERICAN INSTITUTE FOR CANCER REASERCH ના અનુમાન મુજબ વધારે વજન ના હિસાબે દરેક વર્ષે એક લાખ કરતા વધરે લોકો ને ઉપર માથી ગમે તે કેન્સર થઇ શકે છે.

સુગર ફ્રી થી કેન્સર ના થાય ?

સુગર ઘણી જગ્યા એ કુત્રિમ સુગર લેવાથી પણ સુગર જેવીજ આડ અસર થઈ શકે કે જેમ કે કૃત્રિમ સુગર, સેકરીન (SUGAR FREE), લેવાથી બ્લેડર કેન્સર, લીમ્ફોમાં અને લ્યુકેમિયા થવાની શક્યતા વધે છે એમ National Institute of Environmental Health Science કહે છે. એનો મતલબ એ થાય છે કે ખાંડ જોખમ કારક છે શરીરમાં કોઈ પણ વસ્તુ નાખતા પહેલા વિચારો કે તેમા કેટલું સુગર રહેલું છે મારાથી આ મોઢામાં નખાય કે ના નખાય. જીવન તમારું છે એને કેવી રીતે જીવવું એ તમારે નક્કી કરવાનું.

ડાયાબીટીસ હોય કે ના હોય સુગર શરીરમાં ડાયરેક્ટ અથવા તો હિડન ઓછી જવી જોવે.

- sgpathlab@gmail.com

# ભણવામાં દીકરા-દીકરીનો ભેદ ના રાખતાં માતા-પિતા

**શાબાશ**
- રમેશ તન્ના

ઘાટલોડિયા વિસ્તારમાં રહેતા જયદેવ ભટ્ટ પહેલા મિલમાં નોકરી કરતા હતા. મિલ બંધ પડી એટલે ઓટોરીક્ષા ચલાવવાનું શરૂ કર્યું.દરમ્યાન દીકરો નિસર્ગ અને દીકરી હિમાદી મોટા થતાં હતાં. આજકાલ શિક્ષણ મોંઘુ થઈ ગયું છે. આમ છતાં દિવસ રાત મહેનત કરીને જયદેવભાઇ ભટ્ટે દીકરાને એમબીએ કરાવ્યો. દીકરી હિમાદીની ભણવાની ઈચ્છા હતી પણ તે ઘરની આર્થિક સ્થિતિ પામી ગઈ. તેણે પોતાના પિતાને કહ્યું કે પિતાજી મારે નથી ભણવું. પિતાએ કહ્યું એવું કેમ બેટા ? મારા ખિસ્સામાં ગમે તેટલું હશે, પણ હું તને જાત વહેંચીને પણ ભણાવીશ. છેવટે જયેશભાઇએ દીકરીને પણ એમબીએ સુધી ભણાવી. અત્યારે નિસર્ગ અને હિમાદી બન્ને અમદાવાદમાં નોકરી કરી રહ્યાં છે. જયદેવભાઇ કહે છે કે દીકરી પરણીને સાસરે જવાની હોય એટલે તેને ના ભણાવીએ તો ચાલે એવો વિચાર પછાત પણુ કહેવાય. એવું વિચારવાનું જ ના હોય. મને તો મારી દીકરી માટે ગૌરવ છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મારી દીકરીનું સન્માન કર્યું હતું.

હવે એક બીજો કિસ્સો જોઈએ.અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં એક ડોક્ટર વસે છે. તેમની પોતાની હોસ્પિટલ છે. તેમને પણ એક દીકરો અને એક દીકરી છે. દીકરો ધોરણ ૧૨ પાસ થયો પછી આ ડોક્ટરે ૪૫ લાખ રૂપિયા ખર્ચીને તેને એમબીબીએસમાં પ્રવેશ અપાવ્યો. એ પછી વારો આવ્યો તેમની દીકરીનો.

# કઈ ગુજરાતી ફિલ્મે સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવી હતી?



**ખજાનો**
અનિલ પટેલ

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

(૧) ગૂર્જર રંગભૂમિના પિતા તરીકે કોણ જાણીતું છે ?
(અ) જયશંકર (બ) રણછોડભઆઈ ઉદયરામ
(ક) જનક દવે (ડ) ઈશ્વર નાયક

(૨) કઈ ગુજરાતી ફિલ્મે સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવી હતી?
(અ) કંકુ (બ) ભવની ભવાઈ
(ક) વણઝારી વાવ (ડ) ભક્ત નરસિંહ મહેતા

(૩) વિઠ્ઠલદાસ બાપોદરાનું નામ કયા ક્ષેત્રે જાણીતું છે?
(અ) ચિત્રકલા (બ) ભજનિક
(ક) નાટ્યશાસ્ત્ર (ડ) હવેલી સંગીત

(૪) ખડખડાટ કાર્ટૂન સંગ્રહ કોની કૃતિ છે?
(અ) નટુભાઈ મિસ્ત્રી 'ચેતક' (બ) બંસીલાલ વર્મા 'ચકોર'
(ક) ઝવેરીલાલ મહેતા (ડ) મહિપત કવિ

(૫) શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલાની સ્થાપના કોણે કરી હતી?
(અ) કે.કા. શાસ્ત્રી (બ) ડાહ્યાભાઈ શાસ્ત્રી
(ક) કૃષ્ણશંકર શાસ્ત્રી (ડ) ફૂલશંકર શાસ્ત્રી

(૬) કોને લોકસાહિત્યના ઘૂઘવતા મહેરામણની ઉપાધિ આપવામાં આવી છે?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) દુલા ભાયા કાગ
(ક) હેમુ ગઢવી (ડ) ભીખુદાન ગઢવી

(૭) ગુજરાત યુનિવર્સિટીના આર્કિટેક્ટનું નામ છે?
(અ) આત્મારામ ગજ્જર (બ) ત્રિભોવનદાસ ગજ્જર
(ક) પ્રભુદાસ પંચાલ (ડ) જગન મહેતા

(૮) 'હુડીલા? કયા વિસ્તારનું શૌર્યગાન છે?
(અ) સાબરકાંઠા (બ) બનાસકાંઠા
(ક) પંચમહાલ (ડ) ડાંગ

(૯) ડાંગી આદિવાસીઓનું સુષિર વાદ્ય કયું છે?
(અ) પાવરી (બ) પાવો
(ક) મોરબી (ડ) ત્રણેમાંથી એક પણ નહિં

(૧૦) સોલંકીકાળનું પ્રસિદ્ધ શિવાલય 'કર્ણમુક્તેશ્વર મહાદેવ' કયાં આવેલું છે?
(અ) ધોળકા (બ) જૂનાગઢ
(ક) અમદાવાદ (ડ) નડિયાદ

(૧૧) કાયસ્થ બ્રાહ્મણો અખાત્રીજના દિવસે શાની પૂજા?
(અ) માટીના ગણેશ (બ) માટીના ઘોડા
(ક) માટીની સાંઢણી (ડ) માટીના હાથી

(૧૨) સૌ પ્રથમ કઈ ગુજરાતી ફિલ્મ કરમુક્ત થઈ હતી?
(અ) જેસલ-તોરલ (બ) અખંડ સૌભાગ્યવતી
(ક) સંતુ રંગીલી (ડ) વેરના વળામણાં

(૧૩) હીઠીસિંહના દહેરાનું બાંધકામ કરનાર સ્થપતિ પ્રેમચંદ સલાટનો જન્મ કયાં થયો હતો?
(અ) ધોળકા (બ) ધ્રાંગધ્રા
(ક) રાણપુર (ડ) પાટણ

(૧૪) ગાંધીનગરના નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવનાર શિલ્પીનું નામ શું છે?
(અ) બાલકૃષ્ણ દોશી (બ) ત્રિભુવનદાસ ગજ્જર
(ક) ત્રિભુવનદાસ અમીન (ડ) કાન્તિભાઈ પટેલ

(૧૫) ગુજરાતમાં કળયુગના ઋષિ તરીકે કોણ ઓળખાય છે?
(અ) રવિશંકર મહારાજ (બ) વિનોબા ભાવે
(ક) ઠક્કરબાપા (ડ) બાપા સિતારામ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૨ જુલાઈ ૧૮૮૮ — સેલમાન વાકસમાન : યુક્રેઈન-અમેરીકન બાયોલોજીસ્ટ, સોઈલ માઈક્રોબાયોલોજી એક્ષ્પર્ટ
- ૨૨ જુલાઈ ૧૮૮૮ — કિર્ક બ્રયાન : અમેરીકન જીઓલોજીસ્ટ, ભૂગર્ભ જલસંગ્રહ ઉપર વિશેષ અભ્યાસ કરનાર
- ૨૩ જુલાઈ ૧૯૦૨ — થિયોડોર ક્રિસ્ટેઈન સ્કેનીયરલા : અમેરીકન સાયકોલોજીસ્ટ, કીડીઓમાં જોવા મળતી વર્ણતૂકનો અભ્યાસ કરનાર
- ૨૩ જુલાઈ ૧૮૮૬ — વોલ્ટર સ્કોટકી : સ્વીઝ-જર્મન ભૌતિકશાસ્ત્રી, સોલીડ સ્ટેટ ફીઝીક્સ ઉપર ઘણા બધા ઈલે. ઉપકરણો બનાવનાર
- ૨૪ જુલાઈ ૧૭૮૬ — જોસેફ નિકોલસ : ફ્રેન્ચ ગણીતશાસ્ત્રી તથા ખગોળશાસ્ત્રી, મીસીસીપી પ્રદેશનો ખાનગી સર્વે કરનાર
- ૨૪ જુલાઈ ૧૭૩૭ — એલેક્ષઝાન્ડર ડાલરીમ્પલ : સ્કોટીસ જીઓગ્રાફર તથા પ્રથમ બ્રિટીશ હાઈડ્રોગ્રાફર
- ૨૫ જુલાઈ ૧૮૬૧ — એન્ડ્ર્યુ કવૉપર લોસન : કેનેડીયન-અમેરીકન જીઓલોજીસ્ટ, ૫૭ કરોડ વર્ષ પહેલાંના પ્રિકેમ્બ્રીયન ખડકોનું વિશ્લેષણ કરનાર
- ૨૫ જુલાઈ ૧૮૫૭ — ફ્રેન્ક સ્પ્રેગ્યુ : અમેરીકન એન્જીનીયર, અમેરિકામાં ઈલેક્ટ્રીક રેલવેના સ્થાપક
- ૨૬ જુલાઈ ૧૮૬૩ — પૌલ વાલ્ડન : લેટીન કેમિસ્ટ : 'વાલ્ડન ઈન્વર્ઝન'નામની રાસાયણિક પ્રક્રિયા આપનાર
- ૨૬ જુલાઈ ૧૮૫૯ — ફિલીપે - જીન - બુનાઉ - વારીલા : ફ્રેન્ચ એન્જીનીયર, પનામા કેનાલના ચીફ ઓર્ગેનાઈઝર
- ૨૮ જુલાઈ ૧૮૭૦ — બ્રદ્રામ બી. બોલ્ટવુડ : એમેરીકન કેમીસ્ટ અને ભૌતિકસાસ્ત્રી, રેડિયો એક્ટીવ યુરેનિયમ અને થોરીયમના શોધક
- ૨૮ જુલાઈ ૧૯૦૭ — સર ગ્રેહામ ડોગ્લાસ કલાર્ક : બ્રિટીશ આર્કીયોલોજીસ્ટ, ઉત્તર-પ્રશ્ચિમ યુરોપમાં સક્રિય ભૂમિકા ભજવનાર

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**સવાલ : અરૂણાચલ પ્રદેશના હાલના રાજ્યપાલ કોણ છે?**
**જવાબ : તથાગત રોય (કાર્યકારી)**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૬બી, ૬૨૦/૧
(૪) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨,

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**ભાજપના કયા ફાયરબ્રાન્ડ નેતાએ રાજયસભામાં રાજીનામું આપ્યું અને આમ આદમી પાર્ટીમાં જોડાવાના છે?**

'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

**સાચા જવાબો**

[illegible]
[illegible]

# નરકનું નામ, પુણ્યનું કામ



'નૃ'ક્રિયાપદ ઉપરથી 'નરક' શબ્દ બન્યો છે. નૃ એટલે કલેશ આપવો. મનુષ્યે દુષ્કર્મ કર્યા હોય તો મરણ પછી અહીં પીડા ભોગવવાની છે.

પુરાણોમાં નરકનાં વર્ણનો બે પ્રસંગે આવે છે.

(૧) અર્જુનના પ્રપૌત્ર રાજા જનમેજય મુનિ વેદવ્યાસને જિજ્ઞાસા પ્રગટ કરે છે. વેદવ્યાસ એને ઉત્તર આપે છે.

(૨) મરણ પછીની ગતિની આવી જિજ્ઞાસા સાવિત્રી, સત્યવાનને લઈ રહેલા ધર્મરાજ યમ પાસે પ્રગટ કરે છે. યમ પોતે જ એની જિજ્ઞાસા સંતોષે છે.

રૌરવ, મહારૌરવ, કુંભીપાક, અંધકૂપ વગેરે અઠ્યાવીસ પ્રકારના નરકો છે. તેમાં વત્તાઓછા પ્રમાણમાં પીડા ભોગવવાની થાય છે. એનો સંબંધ મનુષ્યે કરેલા પાપકર્મો સાથે છે. જેટલાં દુષ્કર્મ વધુ ખરાબ એટલું વધુ ત્રાસદાયક નરકમાં સ્થાન.

આ વર્ણનો ભયાનક અને કેટલીવાર જુગુપ્સા પ્રગટાવે તેવાં છે. પરંતુ પુરાણોએ નરકને નામે, નરકને બહાને પુણ્યનું કામ કર્યું છે, નરકનો ભય બતાવીને મનુષ્યને દુષ્કર્મ સામે ચેતવી દે છે. દુષ્કર્મ તરફ જતા અટકાવવાનો જાણે કે પ્રયત્ન કરે છે. 'આમ કરશો તો આ દશા થશે.'

નરક તરફ લી જાય તેવાં ન કરવા જેવાં દુષ્કર્મો તે ગણાવે છે. તેમાંના કેટલાંક આ પ્રમાણે છે :



**અમર વારસો**
ડો. રશ્મિકાન્ત મહેતા

(૧) બીજાની ધનસંપત્તિ ચોરી જાય અથવા બળજબરીથી પડાવી લે. (૨) બીજાની સ્ત્રી અથવા પુત્રનું અપહરણ કરી જાય. (૩) સ્વભાવ ઉગ્ર હોય, પાખંડી હોય, દંભી હોય, દ્વેષી હોય, નિર્દયી હોય. (૪) પુરુષને છેતરીને, દગો કરીને એની પત્ની સાથે સંપર્ક કરે. (૫) ફક્ત પોતાનાં પરિવારનાં ભરણપોષણમાં વ્યસ્ત રહે. (૬) પિતા સાથે અને આચાર્ય સાથે શત્રુતા રાખે. (૭) શરીરમાં ભૂખ અને તરસ પર કાબૂ રાખી શકે. (૮) જે રાજા અધમતાપૂર્વક શાસન કરે અને તેમાં પણ આચાર્ય-પુરોહિત-સંસ્કારી જ્ઞાનીને દંડ આપે. (૯) કોઈ પણ ખાદ્યપદાર્થ મુખમાં મૂકે એ પહેલાં દેવને અર્પણ ન કરે. (૧૦) જે કોઈ રાજા અથવા તેનો કર્મચારી પાખંડ આચરે તેમજ રાજધર્મની મર્યાદાનું પાલન ન કરે.

(૧૧) જે સદાચાર છોડીને બેશરમ થઈને પશુ જેવો વ્યવહાર કરે. (૧૨) જે પોતાના શિકારના શોખ માટે નિર્દોષ પ્રાણીઓને મારે. (૧૩) જે અદાલતમાં હલકા આશયથી ખોટી સાક્ષી આપે. (૧૪) જે પ્રમાદને કારણે દારૂનું સેવન કરે. (૧૫) જે પોતાનાથી શ્રેષ્ઠ હોય તેને આદર ન આપે. (૧૬) અભિમાનમાં છકી જઈને સ્વજનોને કટુવચનોથી દઝાડે. (૧૭) બ્રહ્મા, વિષ્ણુ, શિવ, અંબાજી, ગૌરી, સરસ્વતી, વેદ, પુરાણ વગેરેની હંમેશા નિંદા કરે. (૧૮) ઘરે આવી ચડેલા ભૂખ્યા-તરસ્યા અતિથિને જે જમાડતો નથી. (૧૯) માતા-પિતા, પત્ની, સંતાનો, અનાથનું ભરણપોષણ કરતો નથી. (૨૦) દેવતાઓની પ્રતિમાઓ, દેવપૂજાનાં દ્રવ્યો અને પાત્રો, અને અન્ય દેવસામગ્રીની ચોરી કરે છે.

(૨૧) જે દેવતાઓ અને પુરોહિતોને અર્પિત થયેલી સામગ્રી ચોરી જાય છે. (૨૨) જે બીજાની સતત નિંદા કરે છે, બીજાના દોષો જોવામાં વ્યસ્ત રહે છે. (૨૩) પોતાના પરિવારની સ્ત્રીઓ, પિતાના પરિવારની સ્ત્રીઓ, માતાના પરિવારની સ્ત્રીઓ, ગુરુપત્ની, શિષ્યપત્ની, રાજરાણી - બ્રહ્માએ જ આમને 'અગમ્યા' કહ્યા છે. આમાંથી કોઈની પણ ઉપર જે કુદૃષ્ટિ કરે - વાસનાથી જુએ. (૨૪) સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણના સમયમાં જે ભોજન કરે. (૨૫) જે ખોટી પ્રતિજ્ઞા લે. (૨૬) હાથમાં તુલસીપત્ર રાખીને સાચી રીતે લીધેલી પ્રતિજ્ઞા પાછળથી પાળે નહિ. (૨૭) જે રાજકાર્યવાહી સમયે ખોટી સાક્ષી આપે. (૨૮) જે મિત્રદ્રોહી, વિશ્વાસઘાતી અને કૃતઘ્ની છે. (૨૯) જે પુરુષ પરસ્ત્રીગમન કરે છે અથવા જે સ્ત્રી પરપુરુષગમન કરે છે. (૩૦) જે કોઈને કોઈ રીતે બીજાઓને દુઃખી કરતા રહે.

શુભ આશય આ જ છે - કોઈ પણ મનુષ્ય ઉપર્યુક્ત કાર્યોથી દૂર રહે - ન આચરે.